# શહેર-જિલ્લામાં વાઈરલ ફિવરના કેસો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ૩૪૦૦ જેટલા તાવના દર્દીઓ વાહકજન્ય રોગચાળાના નિયંત્રણ માટે કરાયેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં મળી આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં પણ ૩૨ હજાર જેટલા ઘરોના સર્વેલન્સ દરમ્યાન ૨૮૪ તાવના કેસ મળી આવ્યા છે. જો કે મેલેરિયા પોઝીટીવના કેસો શહેર કે ગ્રામ્ય વિસ્તારમાંથી મળ્યા નથી. અર્થાત ગાંધીનગર શહેર અને જિલ્લામાં વાઈરલ ફિવરની બિમારીએ જોર પકડ્યું છે.

ગાંધીનગર શહેરમાં વધતા જતા ગરમીના પ્રકોપને કારણે વાઈરલ બિમારીના કેસો જોવા મળી રહ્યાનું આરોગ્યતંત્રના સૂત્રો માની રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી ૩ હજારથી વધુ કેસ તાવના મળી આવ્યા છે. તો શહેરમાંથી ૨૮૪ જેટલા કેસ મળ્યા છે.

જિલ્લામાં ગત વર્ષે પણ વાઈરલ ફિવરના કેસોની સંખ્યા નોંધપાત્ર રહેવા પામી હતી. વારંવાર હવામાનમાં બદલાવ અને ટ્રેસ જેવા વિવિધ કારણોને લઈ આ વાઈરલ ફિવરના કેસો વધવા પામ્યા હોવાની વાતો આરોગ્યના વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

# ગ્રામ પંચાયતોમાં નબળી વેરા વસુલાત સામે જિલ્લાતંત્રની લાલ આંખ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાની ગ્રામ પંચાયતો દ્વારા નબળી વેરા વસુલાતે જિલ્લાભરમાં ચર્ચા જગાવી છે. આ વેરા વસુલાતને ઝડપી બનાવવા તેમજ ખાસ કરીને સફાઈ અને સ્વચ્છતા વેરાની વસુલાત ૭૦ ટકા સુધી પહોંચે તે માટે તંત્ર દ્વારા પણ તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં કલોલ તાલુકાની ગ્રામ પંચાયતોમાં વેરા વસુલીની કામગીરી સૌથી નબળી રહી છે. કલોલમાં માત્ર ૩૯.૯ ટકા વસુલાત થઈ છે. માણસામાં ૪૫ ટકા સુધીની વસુલાત થઈ છે તો દહેગામમાં ૪૨ ટકા અને ગાંધીનગરમાં ૪૧.૩૩ ટકા જ વસુલાત થવા પામી છે.

ઓછી વેરા વસુલાતની અસરો પંચાયતોને મળતી પરફોમન્સ ગ્રાન્ટ પર પણ પડશે તો સ્વચ્છ ગામ સ્વસ્થ ગામની પ્રોત્સાહક ગ્રાન્ટ પર પણ પડવાની સંભાવનાઓ છે.

તાજેતરમાં મળેલ તાલુકા વિકાસ અધિકારીઓની બેઠકમાં પંચાયતી વેરાઓની નબળી વસુલાતની કામગીરી પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. આ માટે તલાટી કમ મંત્રીઓ ખાસ કરીને નબળી વસુલાત ધરાવનારા ગામોના છે તેમની અલાયદી બેઠક કરવા પણ સૂચના આપવામાં આવી હતી.

આ બેઠકમાં ૨૫ ટકાથી પણ ઓછી વસુલાત છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન થઈ હોય તેવા તલાટી કમ મંત્રીઓની અલગથી યાદી બનાવી તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી માટે આગળ વધવાના પણ સ્પષ્ટ સંકેતો જિલ્લા કક્ષાએથી આપી દેવામાં આવ્યા છે. આ બેઠકમાં જિલ્લાના વેરાઓની પણ નબળી વસુલાતનો મુદ્દો વિસ્તૃત રીતે ચર્ચાયો હોવાનું જાણવા મળેલ છે. ખાસ કરીને મહેસુલી વેરા ઉપરાંત લોકલ ફંડ શેષ અને શિક્ષણ ઉપકરની વસુલાત પણ અસરકારક રીતે થાય તે માટે અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી. આ માટેનો રોડ મેપ તૈયાર કરી દર ૧૫ દિવસે તેની સમીક્ષા કરવાનું પણ આ બેઠકમાં જણાવવામાં આવ્યુ હતુ.



ભાવિ ઈજનેરોની કસોટી - ઈજનેરી વિદ્યાશાખામાં પ્રવેશ માટે યોજાતી જેઈઈ પ્રવેશ પરીક્ષામાં આજે રાજ્યમાં ૧૨ હજારથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી... દેશમાં કોમન એન્ટ્રન્સ એક્ઝામ નિયમના આધારે ઈજનેરી વિદ્યાશાખા માટે યોજાતી જેઈઈનું મહત્વ ખૂબ જ છે... ખાસ કરીને આઈઆઈટીમાં પ્રવેશ માટે મેરિટ ઉંચા મેળવવા આવશ્યક બને છે... આજે અમદાવાદ સહિત રાજ્યભરમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક જેઈઈની પરીક્ષા આપી હતી...

# સે-૨૯માં વંદે માતરમ પાર્કનુ આજે લોકાર્પણ

**બી કક્ષાના કોપરિટ લુક ધરાવતા આવાસોને અનુલક્ષી લીફ્ટ, બગીચા, ફાયર ફાઈટીંગ સિસ્ટમ, વોટર હાર્વેસ્ટીંગ, આંતરિક રસ્તા તેમજ એલઇડી લાઇટ સહીતની સુવિધા : ૨૮૦ મકોનો અરજદારોને આવાસોની ચાવી સોંપાશે**

ગાંધીનગર તા ૮

શહેરના સે-૨૯ માં આજે વન્દે માતરમ પાર્કનુ ઉદઘાટન કરવામાં આવશે. સેકટરોમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડી તેના સ્થાને નવી અદ્યતન ટાવર કોલોનીનુ નિર્માણ કરવામાં આવી રહયુ છે. સે-૭ માં અગાઉ નવા આવાસોનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. જયારે સે-૨૯ માં પણ નવા આવસો તૈયાર થઈ જતા આજે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલના હસ્તે મકાનોનુ લોકાર્પણ કરવામાં આવશે. સે-૨૯ માં નવનિર્મિત બી કક્ષાના નવા આવાસો ધરાવત વંદે માતરમ પાર્કનુ લોકાર્પણ કરાશે. આ દરમિયાન ૨૮૦ જેટલા કર્મચારીઓને આવાસોનો કબજો સોંપવામાં આવશે.

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડી નવા આવાસો બાંધવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ સે-૭ માં નવા આવાસો તૈયાર કરવામાં આવ્યા બાદ લોકાર્પણના અંતે રહીશોનો હાલ નવા મકાનોમાં વસવાટ પણ જોવા મળી રહયો છે. સેકટરોમાં દાયકાઓ જુના ખંડેર સરકારી મકાનો તોડી નવા અધ્યતન આવાસો બાંધવામાં આવી રહયા છે. સાત મજલાની ટાવર કોલોનીમાં સ્થિત વિવિધ કક્ષાના આવાસોને અનુલક્ષી જરૂરી તમામ સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી છે. કોર્પોરેટ લુક ધરાવતા સરકારી આવાસોના નિર્માણ માટે હજુ નવા મકાનો બાંધવા સ્થળ પસંદગીની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જયારે સ્થળ નિયત થયા બાદ ટુંકમાં જ આવાસોના નિર્માણ અંગે કાર્યવાહી હાથ ધરી દેવાશે. સે-૨૯ ના વંદે માતરમ પાર્કનુ તા ૯ એપ્રિલના રોજ લોકાર્પણ કરવામાં આવશે. સેકટરમાં ૨૦ હજાર ચો મીની જગ્યામાં રૂ ૮૭ કરોડના ખર્ચે આ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર કમિશ્નર ટીમનો ૨૧૮ રને નાલેશીભર્યો પરાજય

**જામનગર ખાતે મેયર કપ ટુર્નામેન્ટનો પ્રારંભ**

ગાંધીનગર, તા. ૮

જામનગર ખાતે આજથી શરૂ થયેલી મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ મંત્રી આર.સી. ફળદુએ ટોસ ઉછાળીને કરાવ્યો હતો.

આજે જામનગર કમિશ્નર અને ગાંધીનગર કમિશ્નરેટની ટીમ વચ્ચે રમાયેલ પ્રથમ મેચમાં જામનગરની ટીમે ૨૦ ઓવરમાં ૨૬૮ રનનો જંગી સ્કોર બનાવ્યો હતો.

ગાંધીનગર કમિશ્નરેટ ટીમનો નાલેશીભર્યો આ ટુર્નામેન્ટમાં પરાજય થયો હતો. કમિશ્નરેટની ટીમ દ્વારા ૨૬૮ રનના જવાબમાં માત્ર ૫૦ રન આઠ વિકેટે ૨૦ ઓવરમાં બનાવ્યા હતા. ૨૧૮ રને ગાંધીનગર કમિશ્નરેટ ટીમનો પરાજય થયો હતો.

આ રિપોર્ટીંગ લખાઈ રહ્યુ છે ત્યારે જામનગર મેયરની ટીમે ટોસ જીતી અને પ્રથમ દાવ લેવાનો નિર્ણય કર્યો છે. જયરાજસિંહ અને દેવેન્દ્રસિંહ ચાવડાએ બોલિંગ આક્રમણ સંભાળ્યુ છે. પ્રથમ દાવ લેતા આઠ ઓવરના અંતે જામનગર મેયરની ટીમે બે વિકેટે ૫૫ રન નોંધાવ્યા હતા. એક વિકેટ જયરાજસિંહે લીધી હતી અને એક વિકેટ અંકિત બારોટે લીધી હતી.

# શહેરમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી નીચે રહેતાં રાહત

**રાત્રિનુ તાપમાન વધુ રહેતા ઢળતી સાંજ બાદ પણ ગરમીનો અહેસાસ**

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં થોડા દિવસ અગાઉ અંગ દઝાડતી ગરમીના અંતે છેલ્લા ચાર દિવસથી મહત્તમ તાપમાન ૪૦ ડી ગ્રીની નીચે રહેતા નગરજનો ગરમીમાં રાહત અનુભવી રહયા છે. ગત દિવસોમાં વાદળિયા વાતાવરણના અંતે તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. જયારે ગરમીનુ જોર હળવુ થતા નગરજનો રાહત અનુભવી રહયા છે. પરંતુ રાત્રિના તાપમાનમાં પણ કોઈ ખાસ ગિરાવટ ન આવતા સાંજ ઢળતા વાતાવરણમાં ઠંડક પ્રવર્તી નથી. રાત્રિના સમયે પણ વાતાવરણમાં પ્રમાણમાં બફારો અનુભવતો હોવાનો અહેસાસ નગરજનો કરી રહયા છે.

ગાંધીનગરમાં ગરમીની મોસમમાં સતત બદલાવ જોવા મળી રહયો છે. મહત્તમ તાપમાનની ચઢઉતર વચ્ચે વાતાવરણમાં બદલાવ અનુભવતા નાગરિકો પણ બેચેની અનુભવી રહયા છે. થોડા દિવસો અગાઉ વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીનો પારો ગગડયો હતો. વાતાવરણ પલ્ટા પુર્વે ગરમીના ઉગ્ર મિજાજથી નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. જયારે વાદળિયા માહોલના અંતે ગરમીનુ જોર ઘટતા નગરજનોએ રાહત અનુભવી હતી. વાતાવરણ પલ્ટા બાદ ગરમીનો પારો છેલ્લા ચાર દિવસથી ૪૦ ડી ગ્રીની અંદર છે. અલબત્ત ગરમીનુ જોર ઘટતા નગરજનોને આકરા તાપમાંથી રાહત મળી છે. પરંતુ દિવસની સાથે રાત્રિનુ તાપમાનમાં ઘટત જોવા મળતી નથી. જેના લીધે સાંજ ઢળ્યા બાદ પણ વાતાવરણમાં ગરમીનો અહેસાસ કરતા શહેરીજનો બેચેની અનુભવી રહયા છે. છેલ્લા ચાર દિવસથી મહત્તમ તાપમાન ૩૬ થી ૩૯ ડી ગ્રી વચ્ચે ચઢઉતર થાય છે. જયારે રાત્રિનુ તાપમાન પણ ૨૩ થી ૨૪ ડી ગ્રી આસપાસ રહે છે.



પાણી માટે લાઈન - હજુ તો ચૈત્ર મધ્યાહ્ને છે... ત્યાં પાણીની સમસ્યાની બૂમ રાજ્યના ખૂણે ખૂણેથી સંભળાઈ રહી છે... પાણીની તંગી સર્જાવાની છે એ સામી ભીંતે લખેલું સત્ય છે... છતાં પાણીનો વેડફાટ હજુ અટકાવાતો નથી અને પાણીની કિંમત હજુ સમજતા નથી કે સમજાવતા નથી એ પણ કઠોર સત્ય છે.... એક ડૉલ-કેરબો પાણી માટે ધોમધખતા તડકામાં લાઈનમાં ઉભા રહી કેટલી હાલાકી ભોગવવી પડે છે એ તો લાઈનમાં ઉભેલી મહિલાઓ જ જાણે છે... આ તસવીર કોઈ ગભરાવવા માટેની નથી... કે કોઈના વિરોધ કે આક્રોશ માટેની નથી... આ તસવીર જાગૃતિ માટે મુકાઈ છે... કારણ કે હજુ સરકાર કે સમાજ આવનારા દિવસોમાં સર્જાનારી પાણીની સમસ્યા માટે ગંભીર નથી... આ તસવીરનો બોધ જો કોઈ હોય તો આપણી બહેન - દિકરીઓને ઘડો ભરીને પાણી મેળવવા લાઈનમાં ના ઉભું રહેવું પડે એ માટે આજથી પાણીના વેડફાટ પર નિયમન લાદીએ... બુંદ બુંદ પાણી બચાવવા ગંભીર બનીએ... અને પ્રતિબદ્ધ બનીએ કે કોઈપણ સ્થળે, કોઈપણ દ્વારા પાણી વેડફાતું હશે ત્યાં અટકાવીને જ જંપીશુ... ત્યારે આવી તસવીરો અખબારમાં જોવા નહિ મળે... અને છેલ્લે આપણે ફક્ત કલ્પના કરીએ કે આ લાઈનમાં આપણે ઉભા હોઈએ તો... કંપારી છૂટી જાય છે આપણી... બસ તો આજથી સંકલ્પ કરીએ કે, પાણીની બુંદ બુંદ બચાવીશું અને સમાજમાં જાગૃતિ લાવીશું...

# ફી નિયમન સંદર્ભે બાકી રહેતી શાળાઓ માટે વાલીઓમાં ઈન્તેજારી

**પ્રથમ તબક્કામાં જિલ્લાની ૬ ખાનગી શાળાઓમા ફી નો દર નિયત કરાયા બાદ આમ નાગરિકોમાં નારાજગી**

ગાંધીનગર તા ૮

ફી કમિટી કક્ષાએથી ગાંધીનગર જિલ્લાની ૬ ખાનગી શાળાઓને અનુલક્ષી ફીના ધારાધોરણની જાહેરાત કરવામાં આવી છે. જયારે નિયત કમિટી કક્ષાએથી ૨૦ થી ૫૪ હજારની ફી નક્કી કરાયા બાદ હજુ શહેર જિલ્લાની અન્ય શાળાઓની દરખાસ્ત અંગે ફી અંગે કોઈ જાહેરાત થઈ નથી આવા સંજોગોમાં બાકી રહેતી શાળાઓમાં ફી ના ધારાધોરણની જાહેરાત અંગે પણ વાલીઓમાં ઉત્સુકતા સાથે ઈન્તેજારી પ્રબળ બની છે. જો કે ફીના દરમાં નોંધપાત્ર ઘટાડો થશે તેવી આશાનુ સુરસુરીયુ થઈ ગયુ હોવાનો આક્રોશ એકબાજુ પ્રબળ બન્યો છે.

સરકારના ફી નિયમન કાયદો અનુલક્ષી સરકારી ધારાધોરણ કરતા વધુ ફી વસુલવા માટે શાળાકક્ષાએથી ફી નિયમન કમિટીને રજુ કરાયેલી દરખાસ્ત અન્વયે તબક્કાવાર નિર્ણય લેવામાં આવી રહયો છે. જયારે બે દિવસ અગાઉ ગાંધીનગર જિલ્લાની ૬ શાળાઓમાં ફી નો દર નિયત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં રૂ ૨૦ હજારથી લઈ ૫૪ હજાર સુધીની ફી નક્કી કરવામાં આવી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે ફી નિયમન કમિટીએ નક્કી કર્યા મુજબ જ શાળાઓ ફી ઉઘરાવી શકશે તેનો પણ કડક અમલ કરવા જણાંવાયુ છે. જો કે ફીના ધારાધોરણ અન્વયે શાળા કક્ષાએથી રજુ કરાયેલી દરખાસ્તના અંતે કમિટી કક્ષાએથી કરવામાં આવેલો સુધારો કોઈ નોંધપાત્ર ન હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. જયારે ફી ના નિયત કરાયેલા દરમાં કોઈ ખાસ ફેરફાર ન થતા આમ નાગરિકોમાં પણ રોષ પ્રવર્તયો હોવાનો કકળાટ પ્રબળ બન્યો છે. જો કે ફી નિયમન કમિટીને મળેલી શાળાઓનો દરખાસ્ત અન્વયે જિલ્લાની ૬ શાળાઓમાં જ ફી નો દર નિયત કરી જાહેર કરાયો છે. ત્યારે બાકી રહેતી અન્ય શાળાઓમાં પણ ફી નો આંકડો ટુંકમાં નક્કી થશે તેમ મનાઈ રહયુ છે. શાળાઓમાં ફી નો દર નિયત કરવાના મામલે હજુ પેન્ડીંગ દરખાસ્ત અંગે કોઈ જાહેરાત થઈ નથી. જયારે ટુંકમાં જ આ મામલે ફી કમિટી કક્ષાએથી નિર્ણય જાહેર કરાશે જો કે આ મામલે ગાંધીનગરની અન્ય બાકી શાળાઓમાં પણ ફી વસુલાતના મામલે ચિત્ર સ્પષ્ટ ન થતા વાલીઓમાં પણ ઉત્સુકતા સાથે ઈન્તેજારી પ્રબળ બની છે.

# ૧૮ કિલો સોનાની લૂંટનો ભેદ ઉકેલાયો

**પેઢીના કર્મચારીઓ સહિત ચારની ધરપકડ : પોલીસે આરોપીઓ પાસે રોકડ રકમ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો : નાસતા ફરતા આરોપીઓની શોધખોળ જારી**

અમદાવાદ,તા. ૮

જુનાગઢથી માત્ર ૧૨ કિમી દૂર ધોળે દિવસે હાઈવે પર અમદાવાદની પેઢીના રૂ. ૫.૬ કરોડની કિંમતના ૧૮ કિલો સોનાની સનસનાટીભરી શનિવારની લૂંટના પ્રકરણમાં જૂનાગઢ પોલીસે અસરકારક તપાસ હાથ ધરી માત્ર ૨૪ કલાકમાં જ પેઢીના કર્મચારીઓ સહિત ચાર આરોપીની ધરપકડ કરી લીધી હતી. આ પ્રકરણમાં નાસતા ફરતા આરોપીઓ અંગે પોલીસે હજુ સઘન તપાસ ચાલુ રાખી છે. પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી રોકડ રકમ સહિતના મુદ્દામાલને પણ જપ્ત કર્યો હતો. ગઈકાલે ધોળા દિવસે અમદાવાદની જ્વેલર્સ પેઢી નટુભાઈ ચોક્સીનું જુનાગઢ જતું ૧૮ કિલો સોનું પાંચ શખ્સો દ્વારા હાઈવે પર વડાગલ ગામ પાસે લૂંટી લેવામાં આવ્યું હતું. રૂ.૫.૬ કરોડના સોનાના કિંમતની ધોળાદહાડે ચપ્પાની અણીએ લૂંટ થતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી, તો બીજીબાજુ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સામે ગંભીર સવાલો ઉઠયા હતા, જેને લઈ સમગ્ર પોલીસ તંત્ર દોડતું થઈ ગયું હતું. પોલીસે સીસીટીવી ફુટેજ, આરોપીઓના મોબાઈલ લોકેશન સહિતની કડીઓના આધારે સઘન તપાસ હાથ ધરી આ સમગ્ર લૂંટ પ્રકરણમાં સંડોવાયેલા ખુદ પેઢીના જ કર્મચારીઓ સહિતના ચાર આરોપીઓની આજે ધરપકડ કરી લીધી હતી. લૂંટ કરાયેલ સોનું અમદાવાદના જ્વેલર્સ નટુભાઈ ચોક્સી પેઢીનું હતું જેને જુનાગઢ ખાતે કંપનીના વર્કશોપમાં કાર દ્વારા મોકલવામાં આવી રહ્યું હતું. નટવર ચોક્સી દેશભરની બ્રાન્ડેડ જ્વેલરી કંપનીઓ માટે જોબવર્કનું કામ કરે છે અને બોલિવુડ એક્ટર્સને પણ તેમની માંગણી મુજબની જ્વેલરી તૈયાર કરીને સપ્લાય કરે છે. કંપની આ માટે મોટા પાયે સોનાની ખરીદી કરે છે અને પછી ઓર્ડર મુજબ તેમાંથી ઘરેણા બનાવી આપે છે. કંપનીનું મુખ્ય મેન્યુફેક્ચરિંગ યુનિટ જુનાગઢમાં છે. પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે, સોનું સરકારી ઓથોરિટી એમએમટીસી લિમિટેડ પાસેથી ખરીદવામાં આવ્યું હતું અને જુનાગઢ મુખ્ય મેન્યુફેક્ચરિંગ યુનિટમાં મોકલવામાં આવી રહ્યું હતું.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ





Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com